# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૩
# તારીખ.૦૩–૧૦–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરમાં દિવાળી મેળા સને.૨૦૨૩–૨૦૨૪ માટે તારીખ.૦૮–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૭–૧૧–૨૦૨૩ સુધી કુલ–૨૦ (વીસ) દિવસ સુધી ચકડોળ ગ્રાઉન્ડ દિવાળી લોક મેળાનું આ વર્ષે આયોજન કરવામાં આવેલ છે અને તે હંગામી ધોરણે લાયસન્સ ફી થી મેરીગો રાઉન્ડ, ટોળાટોળા, રાઈડીંગ ઝુલા વિગેરે માટે જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૧ તારીખ.૨૦–૦૯–૨૦૨૩ થી શરતો નકકી કરી જાહેર હરાજી સુ.જા.નંબર.૧૩૩૩ તારીખ.૨૨–૦૯–૨૦૨૩ થી દૈનિક પેપર"નયા પડકાર"તથા"સંદેશ"આણંદ ખેડા જીલ્લા આવૃત્તિમાં તારીખ.૨૪–૦૯–૨૦૨૩ થી જાહેરાત પ્રસિધ્ધ કરતાં જેની જાહેર હરાજી તારીખ.૦૩–૧૦–૨૦૨૩ ના રોજ સાંજના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીમાં જાહેર હરાજી રાખતાં જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ૨૧ (એકવીસ) અરજદારો એ જાહેર હરાજીમાં ભાગ લેવા હરાજી ડીપોઝીટ જમા કરાવેલ છે. દિવાળી મેળાની અપસેટ કીંમત રૂપીયા.૨૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા રાખેલ હતી તેની આગળની બોલીની રકમ રૂપીયા.૨૦,૦૦૦/– અંકે રૂપીયા વીસ હજાર પુરાના ગુણાંકમાં બોલીની રકમ આગળ બોલતા સૌથી ઉંચી બોલી રૂ.૫૩,૦૦,૦૦૦/- અંકે રૂપીયા તેપ્પન લાખ પુરા શ્રી ઈમરાન યાકુબઅલી પટેલ રહે.અબ્દુલ મસ્જીદ હાઉસ, હરીનગર, શિવાજી નગર, જોગેશ્વરી ઈસ્ટ, મુંબઈ, સબરબનલ મહારાષ્ટ્ર –૪૦૦૦૬૦ બોલી બોલેલ છે જે બોલી મંજુર કરવામાં આવે છે. જાહેર હરાજીની શરત મુબજ નાણાં જમા કરાવેથી ચકડોળ ગ્રાઉન્ડનો કબજો સોપવા મંજુર કરવામાં આવે છે અને આગળની કાર્યવાહી કરવા ખંભાત નગરપાલીકા ના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી,એકઝકીયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજીની ડીપોઝીટની રકમ પરત(રીફંડ) આપવા મંજુર કરવામાં આવે છે તથા સરકારશ્રીના જે કાંઈ ટેક્ષ ભરવાના થાય તે તથા જી.એસ.ટી.ની રકમ થાય તે ખંભાત નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તે અંગે અલગથી પાવતી આપવામાં આવશે.

જાહેર હરાજીમાં ઉપસ્થિત સૌના માટે ચા–કોફી તથા આઈસ્ક્રીમ મંગાવેલ છે તેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૪</u>
# <u>તારીખ.૦૩–૧૦–૨૦૨૩</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરમાં દિવાળી મેળા સને.૨૦૨૩–૨૦૨૪ માટે તારીખ.૦૮–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૭–૧૧–૨૦૨૩ સુધી કુલ–૨૦(વીસ) દિવસ ગવારા ટાવર ધર્મશાળા પાસે થી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાત નાકા સુધી દિવાળી લોક મેળાનું આ વર્ષે આયોજન કરવામાં આવેલ છે અને તે હંગામી ધોરણે હાથલારી, પાથરણા, મંડપ અને સ્ટોલની દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવાના ઈજારા માટે જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૨ તારીખ.૨૦–૦૯–૨૦૨૩ થી શરતો નકકી કરી જાહેર હરાજી સુ.જા.નંબર. ૧૩૩૩ તારીખ.૨૨–૦૯–૨૦૨૩ થી દૈનિક પેપર "નયા પડકાર" તથા "સંદેશ" આણંદ ખેડા જીલ્લા આવૃત્તિ માં તારીખ.૨૪–૦૯–૨૦૨૩ ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરતાં જેની જાહેર હરાજી તારીખ.૦૩–૧૦–૨૦૨૩ના રોજ સાંજના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીમાં જાહેર હરાજી રાખતાં જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ૮ (આઠ) અરજદારોએ જાહેર હરાજીમાં ભાગ લેવા હરાજી ડીપોઝીટ જમા કરાવેલ છે. દિવાળી મેળાની અપસેટ કીંમત રૂપીયા.૩,૦૦,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ પુરા રાખેલ હતી તેની આગળની બોલીની રકમ રૂપીયા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજાર પુરાના ગુણાંકમાં બોલીની રકમ આગળ બોલતા સૌથી ઉચી બોલી રૂા.૧૨,૨૫,૦૦૦/– અંકે રૂપીયા બાર લાખ પચ્ચીસ હજાર પુરા શ્રીજનકભાઈ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ રહે. મુ.જલસણ તા.ખંભાત જી.આણંદ બોલી બોલેલ છે જે બોલી મંજુર કરવામાં આવે છે જાહેર હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી મેળાની દૈનીક લાયસંન્સ ફી ઉઘરાવવાનો ઈજારો આપવા મંજુર કરવામાં આવે છે અને આગળની કાર્યવાહી કરવા ખંભાત નગરપાલીકાના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજીની ડીપોઝીટની રકમ પરત આપવા મંજુર કરવામાં આવે છે તથા સરકારશ્રીના જે કાંઈ ટેક્ષ ભરવાના થાય તે તથા જી.એસ.ટી. ની રકમ થાય તે ખંભાત નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તે અંગે અલગથી પાવતી આપવામાં આવશે.

જાહેર હરાજીમાં ઉપસ્થિત સૌના માટે ચા–કોફી તથા આઈસ્ક્રીમ મંગાવેલ છે તેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૫

## તારીખ.૦૩–૧૦–૨૦૨૩

આજ રોજ તારીખ.૦૩–૧૦–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની નગરપાલિકામાં આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૪૪ સુધીની અરજીઓ ટેક્ષ વિભાગ આવેલ છે. જે ચર્ચા વિચારણા ની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૬

## તારીખ.૦૩–૧૦–૨૦૨૩

આજ રોજ તારીખ.૦૩–૧૦–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૭ સુધીની અરજીઓની ઝોનલ મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ કરાવવીને ટેક્ષ વિભાગ મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૭</u>
# <u>તારીખ.૦૩–૧૦–૨૦૨૩</u>

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર હેડવર્કસ પર જેકવેલ પાછળ ચાલતો પાણી સ્ટોરેજ માટે ૪૦ એચ.પી. સબમર્શીબલ મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૨ માટે સને ૨૦૨૩–૨૪નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર સબમર્શીબલ મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮ / તા. ૧૧–૦૪–૨૦૨૩નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સબમર્શીબલ મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૩૦૯/ તા.૨૦–૦૯–૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૨૭/ તા.૦૩/૧૦/૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪નાં મંજુર થયેલ વાર્ષીક ભાવથી સબમર્શીબલ મોટરપંપના કુલ રૂા.૨૦,૮૭૫/– અંકે રૂપિયા વીસ હજાર આઠસો પચોતેર પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૩–૨૪નાં કામ નંબર–૦૨ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮ / તા. ૧૧–૦૪–૨૦૨૩થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૮
# તારીખ.૦૩–૧૦–૨૦૨૩

વોટર વર્કસ ખાતામાં આવેલા કનેવાલ ઈનટેકવેલ પર ચાલતો મીઠા પાણી સ્ટોરેજ માટે ૧૨૫ એચ.પી. ટરબાઈન મોટરમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૧ માટે સને ૨૦૨૩–૨૪નાં વર્ષમાં નિયુકત એજન્સી ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીગ, પેટલાદવાળા ને સદર ટરબાઈન મોટર ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮/તા.૧૧/૦૪/૨૦૨૩નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન મોટર રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૩૦૭/ તા.૨૦–૦૯–૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવને આધીન ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીગ, પેટલાદવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીગ, પેટલાદવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૭૯/ તા.૦૩/૧૦/૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪નાં મંજુર થયેલ વાર્ષીક ભાવથી ટરબાઈન મોટરના કુલ રૂા.૮૪,૧૫૦/– અંકે રૂપિયા ચોર્યાસી હજાર એકસો પચાસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીગ, પેટલાદવાળા એજન્સીના સને ૨૦૨૩–૨૪નાં કામ નંબર–૦૧ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮/તા.૧૧/૦૪/૨૦૨૩થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીગ, પેટલાદવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૯

## તારીખ.૦૩–૧૦–૨૦૨૩

વોટર વર્કસ ખાતામાં આવેલા રણમુકતેશ્વર હેડવર્કસ પર જુના બોરવેલમા ચાલતો પાણી સપ સ્ટોરેજ માટે ૪૦ એચ.પી. સબમર્શીબલ મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૨ માટે સને ૨૦૨૩–૨૪નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર સબમર્શીબલ મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮ / તા. ૧૧–૦૪–૨૦૨૩નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સબમર્શીબલ મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૩૦૮/ તા.૨૦–૦૯–૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૧૯/ તા.૩૦/૦૯/૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪નાં મંજુર થયેલ વાર્ષીક ભાવથી સબમર્શીબલ મોટરપંપના કુલ રૂા.૨૨,૬૩૨/– અંકે રૂપિયા બાવીસ હજાર છસો બત્રીસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સને ૨૦૨૩–૨૪નાં કામ નંબર–૦૨ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮ / તા. ૧૧–૦૪–૨૦૨૩થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૦
## તારીખ.૦૩–૧૦–૨૦૨૩

વોટર વર્કસ ખાતામાં આવેલા ચોખડી તલાવડી પર ઘર પાસે ચાલતો રણમુકતેશ્વર પાણી સ્ટોરેજ માટે ૪૦ એચ.પી. સબમર્શીબલ મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૨ માટે સને ૨૦૨૩–૨૪નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર સબમર્શીબલ મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮ / તા. ૧૧–૦૪–૨૦૨૩નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સબમર્શીબલ મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૩૧૦/ તા.૨૦–૦૯–૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૨૬/ તા.૩૦/૦૯/૨૦૨૩થી સને ૨૦૨૩–૨૪નાં મંજુર થયેલ વાર્ષીક ભાવથી સબમર્શીબલ મોટરપંપના કુલ રૂા.૧૫,૯૩૦/– અંકે રૂપિયા પુદર હજાર નવસો ત્રીસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૩–૨૪નાં કામ નંબર–૦૨ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૦૧૮ / તા. ૧૧–૦૪–૨૦૨૩થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૧**

**તારીખ.૦૩–૧૦–૨૦૨૩**

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા દરીયા કિનારે ગાર્ડનમાં રૂમ બનાવેલ છે તે રૂમમાં ૧.૫ ટનનું એ.સી ફીટ કરેલ છે તે એ.સી. બંધ થઈ ગયેલ હોવાથી ન્યું શીવમ સેલ્સવાળાને સદર સ્થળ પર ચેક કરવા બોલાવેલ જે તેમને ચેક કરી તેમાં ગેસ પુરવાનો,૧/૪ની પાઈપ ૭ ફુટ,સર્વિસ મજુરી ૧/૪ અડધાની નટ સાથે કુલ ૬૩૦૦/રૂ. જણાવેલ છે જે પ્રમુખ સાહેબના આદેશથી સદર એ.સી.ન્યું. શીવમ સેલ્સવાળા પાસે તારીખ.૨૭–૦૯–૨૩ના રોજ રીપેરીંગ કરાવેલ જે મંજુર રાખવામાં આવે છે.તથા તે એ.સી.રીપેરીંગમાં થયેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**
**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૨**
**તારીખ.૦૩–૧૦–૨૦૨૩**

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલીકામાં ગેસની નવી ભઠ્ઠી એન્જનીયરશ્રી દ્રારા બનાવવામાં આવેલ જે ગેસની નવી ભઠ્ઠી ૨૨ દિવસથી બંધ થઈ ગયેલ છે જે સ્મશાનગુહમાં કામ કરતા રામભાઈ વાઘેલાએ એન્જીનીયરશ્રીને રીપોર્ટ આપેલ જે આજદીન સુધી ગેસની ભઠ્ઠી રીપેરીંગ થયેલ નથી જે તમામ ડેડ બોડી લાકડામાં મુકવામાં આવે છે. જે લાકડાનો વપરાશ વધી ગયેલ છે તાકીદે ગેસની ભઠ્ઠી રીપેરીંગ કરવાની જરૂરત હોય જે નોર્થ ઈસ્ટ મશીન કરમસદવાળા એ ગેસની ભઠ્ઠી રીપેરીંગ કરવાનાં ૧૨૨૭૨/રૂ. એસ્ટીમેન્ટ આપેલ છે જે આપેલ એસ્ટીમેન્ટથી રીપેરીંગ કરાવવા મંજુર કરવામાં આવે છે. તથા તે રીપેરીંગ કરેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૩
## તારીખ.૦૩–૧૦–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે અરજદારશ્રી મોહંમદહુસેન સિકંદરઅલી આગા સાથે કુલ–૦૪ અરજદારશ્રી સંયુકત સહીથી અરજી નંબર.૨૦૫૫ તારીખ.૨૫–૦૯–૨૦૨૩ ની અરજી તથા ચીફ ઓફીસરશ્રી નો અભિપ્રાય વંચાણે લઈ ચકડોળ ગ્રાઉન્ડ પાસે ખુલ્લી જગ્યા આવેલ છે તેની જગ્યામાં દિવાળી તહેવારમાં હંગામી ધોરણે દારૂખાનું વેચવાનો ધંધો કરવા માટે નીચે જણાવેલ ૦૪ અરજદારશ્રીઓને હંગામી ધોરણે તારીખ.૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૦–૧૧–૨૦૨૩ સુધી દિન–૨૦ (વીસ) માટે જગ્યા લાયસન્સ ફી થી હંગામી ધોરણે નીચે જણાવેલ અરજદારશ્રીઓને નીચેની શરતોને આધીન એન.ઓ.સી. આપવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | અરજદારશ્રીનું નામ | સરનામું |
|---|---|---|
| (૧) | હસમુખલાલ નટવરલાલ ડબગર | મોચીવાડ, ખંભાત |
| (૨) | આગા તકી આગા ફઝલ આગા | બાંદરાબુરજ, ખંભાત |
| (૩) | મોહંમદહુસેન સિંકદરઅલી આગા | બાંદરાબુરજ, ખંભાત |
| (૪) | જગદીશભાઈ વિઠૃલભાઈ ડબગર | મોચીવાડ, ખંભાત |

### શરતો

(૧) ફાયર સેફટીના તમામ સાધનો દારૂખાના વેચાણ સ્થળે ઉપલબ્ધ રાખવાની શરતે દારૂખાનું વેચવા માટે હંગામી ધોરણે એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૨) દારૂખાનું વેચવા બાબતે સરકારશ્રીના અધિકારીશ્રીની અગાઉથી તમામ મંજુરી લેવાની રહેશે.

(૩) દારૂખાનું વેચવા માટે નિયમ મુજબ પરવાના તથા ખુલ્લી જગામાં પતરાની દુકાનનું લાઈટ ખર્ચ વિગેરે અરજદારશ્રીએ ભરવાના રહેશે.

(૪) સરકારશ્રીના આપેલ પરવાના નિયમો ચુસ્ત પાળવાના રહેશે.

(૫) હંગામી ધોરણે તારીખ.૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૦–૧૧–૨૦૨૩ સુધી દરેક અરજદારશ્રીએ ઉચ્ચક રૂપીયા.૭૦૦૦/– અંકે રૂપીયા સાત હજાર પુરા લાયસંસ ફી ભરવાની રહેશે અને સદર રકમ ઉપર સરકારશ્રીનો ટેક્ષ / જીએસટી અલગથી ભરવાનો રહેશે હંગામી દુકાનની સાઈઝ ૮ × ૮ ફુટની બનાવાની રહેશે.

(૬) આગ અકસ્માતની સંપુર્ણ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૭) અ.ન.૪ માં જણાવ્યા મુજબની રકમ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ એન.ઓ.સી. આપવામાં આવશે તથા બીજા અરજદારોની અરજી આવેથી તેઓને પણ નિયમ મુજબ એન.ઓ.સી. આપવી.

(૮) એન.ઓ.સી. મેળવવા માટે ફી રૂપીયા.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવવાના રહેશે.

(૯) મુદત પુર્ણ થયા બાદ જે સ્થિતિમાં જગ્યા ફાળવેલ હોય તે સ્થિતિમાં પરત આપવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૪
## તારીખ.૦૩–૧૦–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે જણાવેલ અરજદારો એ ખંભાત શહેરમાં નીચેના સ્થળ ઉપર દિવાળી તહેવાર દરમ્યાન હંગામી ધોરણે દારૂખાના વેચાણ કરવા માટે એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં અરજીઓ આવેલ છે.

| અ.નં. | દારૂખાનું વેચનાર અરજદારનું નામ | દારૂખાના વેચાણ કરવાનું સ્થળ | અરજી નંબર તારીખ. |
|---|---|---|---|
| (૧) | શ્રી સ્વામીનારાયણ મંદીર, નાના કલોદરા | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૯૭૬ ૧૫-૦૯-૨૦૨૩ |
| (૨) | કલ્પેશકુમાર અરવિંદભાઈ ડબગર | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૯૭૭ ૧૫-૦૯-૨૦૨૩ |
| (૩) | વિકાસકુમાર વિનોદચંદ્ર ડબગર | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૯૭૮ ૧૫-૦૯-૨૦૨૩ |
| (૪) | જગદીશચંદ્ર ચીમનલાલ ડબગર | નરેન્દ્રભુવન(જુની જયલક્ષ્મી ટોકીઝ) F1072/A05, ગવારા પોસ્ટ ઓફીસ સામે, ખંભાત | ૨૦૦૪ ૨૦-૦૯-૨૦૨૩ |
| (૫) | કૃણાલકુમાર પરસોત્તમભાઈ રાણા મોચીવાડ, ખંભાત | દેનાબેંક તથા ગ્રીન હોટલ નીચે શોપીંગ સેન્ટર, F1125/25/26 ગવારા ટાવર પાસે, ખંભાત | ૨૦૦૫ ૨૦-૦૯-૨૦૨૩ |
| (૬) | સંદિપકુમાર ભરતભાઈ ડબગર મોચીવાડ, ખંભાત | શ્રી પ્રજાપતિ જ્ઞાતિ સમાજ, પ્રજાપતિની વાડી, વાઘરીયાવાડ, ખંભાત | ૨૦૪૮ ૨૫-૦૯-૨૦૨૩ |

ઉપરોકત જણાવેલ અરજદારો ને ઉપર જણાવેલ સ્થળોએ દારૂખાના વેચાણ માટે નીચે જણાવેલ શરતોને આધીન એન.ઓ.સી. આપવા ઠરાવવામાં આવે છે.

(૧) ફાયર સેફટીના તમામ સાધનો દારૂખાના વેચાણ સ્થળે ઉપલબ્ધ રાખવાની શરતે દારૂખાનું વેચવા માટે હંગામી ધોરણે એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૨) સદર એન.ઓ.સી.તારીખ.૦૧–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૦–૧૧–૨૦૨૩ સુધી આપવા માં આવે છે.

(૩) અરજદારશ્રી એ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, આણંદ તથા સરકારશ્રીના દારૂખાના વેચાણ કરવાની તમામ શરતો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તથા એમ.જી.વી.સી.એલ.ના વીજ જોડાણના નિયમો પાળવાના રહેશે.

(૪) આગ અકસ્માતની તમામ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે. નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૫) સદર એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં રૂા.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવેથી એન.ઓ.સી. આપવામાં આવશે.

(૬) ઉપરોકત અરજદારો સિવાય બીજા અરજદારોની અરજી આવેથી તેઓને પણ નિયમ મુજબ એન.ઓ. સી. આપવી.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૫</u>
# <u>તારીખ.૦૩–૧૦–૨૦૨૩</u>

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તકનું જુની શાક માર્કેટ શોપીંગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર.49 જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર.TH0904 વાળી દુકાનમાં હાલ પરસોત્તમદાસ છોટાલાલ આણંદ ના નામે છે. તેઓનું તારીખ.૧૩–૦૨–૧૯૫૮ના રોજ મરણ થયેલ છે. તેઓ પત્ની આનંદીબેન પરસોત્તમદાસ બ્રહ્મભટ્ટનું તારીખ.૦૪–૦૨–૧૯૮૦ ના રોજ મરણ થયેલ છે. તેઓના પુત્રી કાંતાબેન તે પરસોત્તમદાસ છોટાલાલની દિકરી અને રમણલાલ ચુનીલાલ બ્રહ્મભટ્ટની પત્નીનું તારીખ.૧૮–૦૪–૨૦૧૭ ના રોજ મરણ થયેલ છે. તેઓના પુત્ર નિર્વિસ અપરણીત અરવિંદભાઈ પરસોત્તમદાસ બ્રહ્મભટ્ટનું તારીખ.૨૧–૦૭–૨૦૦૮ ના રોજ મરણ થયેલ છે.

તેઓના વારસદારોએ રજુ કરેલ મરણ દાખલા તથા પેઢીનામાં મુજબ હયાત વારસદારો (૧) પુત્રી–રંજનબેન પરસોત્તમદાસ બ્રહ્મભટ્ટની દિકરી તથા હરીકૃષ્ણ કાંતીલાલ બ્રહ્મભટ્ટની પત્ની, (૨) જમાઈ–રમણલાલ ચુનીલાલ બારોટ (૩) ભાણા – મુકેશકુમાર રમણલાલ બ્રહ્મભટ્ટ સાથે કુલ–(૩) હયાત વારસદારો છે. જેમાંથી અનુક્રમ નંબર.(૩) મુકેશકુમાર રમણલાલ બ્રહ્મભટ્ટની તરફેણમાં હયાત વારસદારો અનુક્રમ નંબર.(૧) અને (૨) નાઓ એ પોતાનો હકક હિસ્સો જતો કરીને અનુક્રમ નંબર.(૩) મુકેશકુમાર રમણલાલ બ્રહ્મભટ્ટ રહેવાસી.મોટી ખારીકુઈ, હાટકેશ્વર મંદિર પાછળ, ખંભાતની તરફેણમાં પોતાનો પોષાતો હકક હિસ્સો જતો કરીને તેઓના નામે સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરીને અસલ પેપર્સો સાથે રાખીને સદર દુકાનમાં વારસાઈથી નામ ટ્રાન્સફર કરવા ખંભાત નગરપાલિકામાં તારીખ.૦૫–૦૯–૨૦૨૩ ના રોજ અરજી આપેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલબોર્ડ ઠરાવ નંબર.૫૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૪ની પોલીસી મુજબ વારસાઈથી દુકાન ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા.૫,૦૦૦/–અંકે રૂપીયા પાંચ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફીમાં ૨૫% (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે સદર જુની શાક માર્કેટ શોપીંગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર. 49 જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર. TH0904 વાળી દુકાનમાં મુકેશકુમાર રમણલાલ બ્રહ્મભટ્ટ રહેવાસી.મોટી ખારીકુઈ, હાટકેશ્વર મંદિર પાછળ, ખંભાત ના નામે નીચેની શરતોને આધીન વારસાઈથી નામ ટ્રાન્સફર કરવા મંજુર.

## શ ર તો

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.૬૨૫/–અંકે રૂપીયા છસો પચ્ચીસ પુરા પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે

(૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો-વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે

(૨૧) દુકાન લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની.ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ

લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા